| PUBLICATION NAME : | Divya Bhaskar |
| --- | --- |
| EDITION : | Gandhinagar |
| DATE : | 05/09/2023 |
| PAGE : | 3 |

### શિક્ષણમાં યોગદાન બદલ સિટીના પ્રોફેસરને રાષ્ટ્રપતિ હસ્તક એવાર્ડ

# IITGN, EDIIના પ્રોફેસરને 'નેશનલ ટીચર્સ એવોર્ડ 2023' એનાયત કરાશે

**ગાંધીનગરઃ** ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના ગણિતના પ્રોફેસર. પ્રોફેસર ઈન્દ્રનાથ સેનગુપ્તા અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ફેકલ્ટી. ડૉ. સત્ય રંજન આચાર્યને ઉચ્ચ શિક્ષણમાં તેમના યોગદાન અને તેમના વિદ્યાર્થીઓના જીવનને સમૃદ્ધ બનાવવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2023 માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમને આજે રાષ્ટ્રપતિ હસ્તક 'નેશનલ ટીચર્સ એવોર્ડ્સ 2023' એનાયત કરાશે. ડૉ. સત્ય રંજન આચાર્યને તેમજ પ્રોફેસર ઈન્દ્રનાથ સેનગુપ્તાને હાયર એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂશન્સ (એચઈઆઈ) માટેની એવોર્ડ કેટેગરીમાં નેશનલ ટીચર્સ એવોર્ડ 2023 મેળવવા માટે પસંદ કરાયા છે. EDII ના ડૉ. આચાર્ય આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના ક્ષેત્રમાં એક શિક્ષણવિદ્ છે. તેઓ આંત્રપ્રિન્યોર્સ તથા વિકસીત





ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવામાં કુશળતા ધરાવે છે. જ્યારે IITGNના પ્રોફેસર ઈન્દ્રનાથ સેનગુપ્તા શિક્ષણ ફિલોસોફીમાં દ્રઢ વિશ્વાસ ધરાવે છે અને બે દાયકાથી વધુ લાંબી તેમની અધ્યાપન યાત્રા ધરાવે છે. તેમણે શિક્ષણને પ્રોત્સાહિત કરવા અને શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મોટા સમુદાય સુધી પહોંચવા માટે ઘણી આઉટરીચ પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો છે અને તેનું આયોજન કર્યું છે.